પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૩ ૩ નવેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; કારતક સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### મુકેશ અંબાણી એશિયાના સૌથી અમીર વ્યક્તિ

વર્લ્ડ બેંકના લેટેસ્ટ ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રેકિંગમાં ભારે સુધારાના ખુશખબર બાદ ભારતને વધુ એક ઉપલબ્ધ મળી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બુધવારે ચીનમાં હુઈ કા યાનને પાછળ છોડીને એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે.

### પ્રિયંકા ચોપડા સૌથી શક્તિશાળી મહિલાની યાદીમાં સામેલ



અભિનેત્રી પ્રિયંકા ચોપડા હવે ભારતમાં જ નહીં બલ્કે વિદેશમાં પણ ખુબ લોકપ્રિય બની ચુકી છે. તેની ઓળખ હવે એક ઈન્ટરનેશનલ સેલિબ્રિટી તરીકે થઈ છે. હકીકતમાં પ્રિયંકા ચોપડા ફોર્બ્સ મેગેઝિનની ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સામેલ થઈ ચુકી છે.

### ઉધ્ધવ ઠાકરે મમતા બેનર્જીને મળશે

શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુશ્રી મમતા બેનર્જીને મુંબઈમાં મળશે. તેઓ વર્તમાન રાજકીય સ્થિતિની ચર્ચા કરી શકે છે.

# અક્ષરધામ માનવતાનું મંદિર છે : મોદી

## અક્ષરધામ રજતજયંતિની ભવ્ય ઉજવણી : પૂજ્ય મહંત સ્વામીએ દેશના ભલા માટે આશીર્વાદ આપતા પ્રધાનમંત્રી સહિત સૌનો ભાર ઓછો થાય એવી પ્રાર્થના કરી હતી : પ્રમુખ સ્વામી સાથેની સ્મૃતિઓ વાગોળતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

ગાંધીનગર તા ૨

અક્ષરધામ મંદિરના રજત જયંતિ મહોત્સવ પ્રસંગે પ્રધાનમંત્રીના આગમનને વધાવતા બી પી એસના આધ્યાત્મિક વડા મહંત સ્વામીએ જણાંવ્યુ હતુ કે ધાર્યુ સફળ થાય તેવી ભગવાનને પ્રાર્થના... ભગવાન સ્વામિનારાયણના ચરણોમાં પુષ્પાંજલી અર્પણ કરી પ્રધાનમંત્રીએ પ્રમુખ સ્વામીને વંદન કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત કરી જણાંવ્યુ હતુ કે જયારથી સમજણ આવી ત્યારથી પ્રમુખ સ્વામી મહારાજની નજીક રહયો છુ. ધર્મ પરંપરાની ચર્ચામાં ચમત્કાર આવ્યા વિના રહેતો નથી. પરંતુ પ્રમુખ સ્વામી પાસે ઈંટ પત્થરો થકી ઈમારતો ખડકવાનુ કામ નથી કર્યુ પરંતુ સામાજિક ચેતનાના કેન્દ્રો ઉભા કર્યા છે.ભારતમાં મંદિરોમાં વ્યવસ્થા ,પરંપરા મેનેજમેન્ટ અને અદભુત હુમન ટચ સાથે અક્ષરધામમાં સંત પરંપરા માટે કઠોર નિયમો જ્ઞાનના અધિષ્ઠાન પર ભકિત અને તર્કના ત્રાજવે તોલાયેલી વ્યવસ્થા જોવા મળે છે. સરકારમાં પણ પ્રમુખ સ્વામીની જેમ સી આર લખાતા ન હતા ટકોર કરી છે. અક્ષરધામની પરંપરા સેવાભાવનાથી જોડાયેલી છે.કુદરતી આપત્તિ વખતે પણ સંસ્થાએ સેવાકાર્યનુ બીડુ ઝડપ્યુ હતુ.સ્વામિનારાયણ ભગવાનનુ કામ દેશની વિરાસત અને ગૌરવ કે અક્ષરધામે બધાને શાંતિ આપી છે.બાપાએ પણ સામનો નથી કર્યો સહન કર્યુ છે. દેશવાસીઓ માટે અંતરમાં ભાવના ધરાવતા મોદી સાહેબના માથે ઘણો ભાર છે ત્યારે તેમનુ ધાર્યુ કામ સફળ થાય તે માટે







પ્રમુખ સ્વામી મહારાજના આર્શીવાદ બધાને મળ્યા છે. પરંતુ નરેન્દ્ર મોદીમાં તે ઝીલવાની ક્ષમતા વિશેષ હતી માટે આજે મોદીસાહેબ કમળની જેમ ખીલી ઉઠયા છે...મોદીસાહેબના માથે ઘણો ભાર છે. કર્મઠ પુરુષ છે. દેશવાસીઓ માટે અંતરમાં ભાવના છે..અને જાગતા રહે છે...તેમનુ હરિભકતોને જય સ્વામિનારાયણ કર્યા હતા. તેમણે જણાંવ્યુ હતુ કે મહંત બાપાએ હાથ પકડયો છે પછી મારે કોઈ ચિંતા નથી.

અક્ષરધામના રજત જયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહેલા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભકતોને જય સ્વામિનારાયણ ચમત્કારનુ નામ હતુ જેનાથી નિકટતા વધુ કેળવાઈ. આધ્યાત્મનો ફેલાવો થવો અઘુરુ કામ નથી. પરંતુ તેને ઉંચાઈ તરફ વાળવામાં પ્રમુખ સ્વામીએ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જેના લીધે હરિભકતો અને સંતોના જીવનમાં ઉંચાઈ અને સામર્થ જોવા મળે છે. પ્રમુખ સ્વામીએ મંદિરો બનાવી પરિપુર્ણતાના દર્શન પ્રમુખ સ્વામીના પરિવર્તનના લીધે દેખાય છે. આધ્યાત્મિક જગતમાં પણ ટેકનોલોજીનો અદભુત ઉપયોગ જોવા મળી રહયો છે. અક્ષરધામ મંદિરનો પ્રત્યેક પત્થર જીવંત છે. વ્યકિત આવે ગમે તેમ પણ જાય ત્યારે ભક્ત બની જાય છે. પ્રમુખ સ્વામીના આર્શીવાદ વચ્ચે આજના આધુનિક યુગમાં લપસી પડવાની સંભાવના વધુ હોય છે. ત્યારે પ્રમુખ સ્વામીના આર્શીવાદથી ૧૧૦૦ સંતો છે. પ્રમુખ સ્વામીને યાદ કરતા તેમણે જણાંવ્યુ હતુ કે વિશ્વના તમામ દેશોમાં તેમનો ડંકો વાગે છે. રાજકારણમાં ભાષણમાં શુ ન બોલવુ તે અંગે તેમણે મને પણ છે. પ્રમુખ સ્વામી સૌથી મોટા લોકસંગ્રહક હતા. આગામી વર્ષ ૨૦૨૨માં આઝાદીના ૭૫ વર્ષ ઉજવાય ત્યારે દેશ સમાજ માટે સંકલ્પ કરવા માટે પણ તેમણે જણાંવ્યુ હતુ. મહંત બાપાએ હાથ પકડયો છે એટલે કોઈ ચિંતા નથી. મહંત સ્વામીએ પણ પ્રધાનમંત્રીને આર્શીવચન પાઠવતા જણાંવ્યુ હતુ ભગવાનને પ્રાર્થના કરુ છુ. બ્રહ્મવિહારી સ્વામીએ પણ રજત જયંતિ મહાત્સવ પ્રસંગે જણાંવ્યુ હતુ કે વિવિધ વિચારો ધર્મના સેતુ પ્રમુખ સ્વામી મહારાજ છે. પ્રમુખ સ્વામી મહારાજના વચનમાં તાકાત હતી.પ્રધાનમંત્રી આજે પણ અક્ષરધામ આવે ત્યારે ઘરે આવ્યો

● અનુસંધાન પાન-૫ પર

# હોમ અને ઓટો લોન સસ્તી

## એસબીઆઈએ વ્યાજદર ૦.૦૫ ટકા ઘટાડ્યા : એસબીઆઈના ઓટો લોન ઉપર હવે વ્યાજદર ઘટીને ૮.૭૦ ટકા અને હોમ લોન પર વ્યાજદર ૮.૩૦ ટકા : એસબીઆઈના ગ્રાહકોને મોટી રાહત થઇ

નવી દિલ્હી,તા. ૨

જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાના ગ્રાહકો માટે મોટી રાહતના સમાચાર આપી દીધા છે. એસબીઆઈએ હોમલોન અને ઓટો લોન ઉપર વ્યાજદરમાં ૦.૦૫ ટકાનો ઘટાડો કરી દીધો છે. હવે હોમ લોન ઉપર વ્યાજદર ૮.૩૦ ટકા થઈ ગયો છે. જે પહેલા ૮.૩૫ ટકા હતો. આવી જ રીતે એસબીઆઈના ઓટો લોન ઉપર વ્યાજદર ૮.૭૫ ટકાથી ઘટીને ૮.૭૦ ટકા થઈ ગયો છે.

વ્યાજદરમાં ૦.૦૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. લોનલેવા ઈચ્છુક લોકોને મોટી રાહત મળી ગઈ છે. સારા એવા પ્રમાણમાં લોકો રૂપિયા બચી શકશે. વ્યાજદરોમાં એસબીઆઈ તરફથી કાપ મુકવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ એવી શક્યતા છે કે બીજી બેંકો પણ આ પગલા મુજબ આગળ વધશે. જો આવું થશે તો ગ્રાહકો માટે આવનાર સમયમાં વધુ રાહતોની જાહેરાત થઈ શકે છે.

એસબીઆઈએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, આ ઘટાડા બાદ એસબીઆઈના હોમ લોન બજારમાં સૌથી ઓછા વ્યાજદર પર ઉપલબ્ધ છે. એસબીઆઈએ કહ્યું છે કે, વ્યાજદરમાં કરવામાં આવેલા ફેરફાર પહેલી નવેમ્બર ૨૦૧૭થી અમલી કરવામાં આવી ચુક્યા છે. આ અગાઉ એસબીઆઈએ ફંડ આધારિત લેંડિંગ રેટ (એમસીએલઆર)માં જંગી ઘટાડો કર્યો હતો. એસબીઆઈએ છેલ્લા ૧૦ મહિનામાં પ્રથમ વખત આ ઘટાડો કર્યો છે.

# રાયબરેલીમાં બોઈલર બ્લાસ્ટમાં મૃત્યુ આંક ૩૧ પર પહોંચ્યો

રાયબરેલી, તા. ૨

ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં એનટીપીસીના પાવર પ્લાન્ટમાં ગઈકાલે બોઈલર ફાટવાની ઘટનામાં મોતનો આંકડો હજુ વધી રહ્યો છે. આ બનાવમાં મોતનો આંકડો આજે વધીને ૩૧ ઉપર પહોંચી ગયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને હજુ પણ લખનૌ મોકલવામાં આવી રહ્યા છે. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે કેટલાક કર્મચારીઓના તો ફુરચેફુરચા ઉડી ગયા હતા. એમ માનવામાં આવે છે કે બોઈલરમાં જોરદાર અવાજ સાથે ધડાકો થયો હતો. બીજી બાજુ મૃતકોના પોસ્ટમોર્ટમ માટે ત્રણ સભ્યોની કમિટીની રચના કરવામાં આવી છે. રાયબરેલી ઉંચાહાર એનટીપીસીમાં ૫૦૦ મેગાવોટના યુનિટ નંબર ૭ના બોઈલરમાં સ્ટીમ પાઈપ ફાટી જતા બુધવારના દિવસે આ બનાવ બન્યો હતો. તમામ ઘાયલ થયેલા લોકોને રાયબરેલી, અલ્હાબાદ અને લખનૌમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોયલરમાં બની રહેલા સ્ટીમનુ તાપમાન ૫૦૦ ડિગ્રીની આસપાસ પહોંચી જાય છે.






# મોદી-ભૂટાનના રાજાની મુલાકાતથી ચીન વ્યાકુળ

ન્યુ દિલ્હી,તા. ૨

ચીન સાથે બે મહિનાથી પણ વધુ સમય સુધી ચાલેલા ડોકા લા વિવાદના ઉકેલ બાદ ભૂટાન નરેશ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગ્ચુકનો ભારત પ્રવાસ ટાઈમિંગને લઈને ખુબ મહત્વનો ગણવામાં આવી રહ્યો છે. તેને ભારતની દક્ષિણ એશિયાની કૂટનીતિના દ્રષ્ટિકોણથી પણ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે. ડોકા લા વિવાદના કારણે ચીન અને ભારત વચ્ચે ખુબ તનાતની જોવા મળી હતી. ત્યારબાદ ઓગસ્ટમાં બંને દેશો વિવાદાસ્પદ વિસ્તારમાંથી સેના હટાવવા પર સહમત થયા હતાં.

ત્રણ દિવસના પ્રવાસે ભારત આવેલા ભૂટાન નરેશ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગ્ચુકે બુધવારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. આ પ્રવાસથી ભારત અને ભૂટાન વચ્ચેના સંબંધો વધુ મજબુત થવાની આશા છે. ડોકા લામાં ચીની સેનાએ સડક નિર્માણનું કાર્ય શરૂ કર્યું તો ભારતીય સેનાએ ભૂટાનની સેનાનો સાથ આપ્યો તે જોઈને જ બંને દેશો વચ્ચે સંબંધો કેટલા મજબુત હશે તે ખ્યાલ આવે છે. ભારતે ડોકા લામાં યથાસ્થિતિ પર ભાર મૂકતા ચીનના નિર્માણ કાર્યનો આકરો વિરોધ કર્યો હતો.

સૂત્રોના જણાવ્યાં મુજબ પીએમ મોદી સાથે બુધવારે વાંગ્ચુકે જે વાતચીત કરી તેમાં ચીન જ ચર્ચામાં મહત્વનો મુદ્દો બની રહ્યો હતો. વાર્તા દરમિયાન ભારત દ્વારા ભૂટાનના વિકાસ માટે અપાનારી મદદ વિશે પણ ચર્ચા થઈ. પીએમ મોદીએ બુધવારે શાહી કપલ માટે ભોજનનું આયોજન કર્યું હતું.


સ્પે. હનીમૂન ટુર ડિસેમ્બરથી માર્ચ
દિલ્હી-સિમલા-મનાલી-ડેલહાઉસી
અ'વાદથી અ'વાદ નોન A.C./A.C. ટ્રેન / એર ટિકિટ સાથે
3★/4★ હોટલ, ફુડ, ડી. જે. પાર્ટી, કેન્ડલ લાઈટ ડિનર
Dec-9, 15 • Feb-6,9,21,27 • March-3,6,9,15,21, 27
બેંગકોક • પતાયા • ફુકેત | સ્પે. કેરાલા 8 Day
સિંગાપોર • મલેશિયા | સ્પે. ગોવા 3N/4D + રેલ્વે / એર ટિકિટ
માયલિંક હોલીડેઝ 9724999998 9724888882




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જોઈએ છે
સેલ્સ એક્ઝીક્યુટીવ
ડીપ્લોમા, ડીગ્રી, B.Sc., M.B.A.
(અંગ્રેજી બોલી શકનારને અગ્રતા)
એકાઉન્ટન્ટ, ઓફિસ આસીસ્ટન્ટ
Tally, M.S. Officeના જાણકાર
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
મેમટ્રોન પ્રોડક્ટ
ઈ-૧૩૨, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૬, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૦૯૦૦૩ મો. ૭૮૭૮૩ ૦૯૦૦૩